જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

# HAPPY NEW YEAR

તા.૩૧/૧૦/૨૦૧૬ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૦૧/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૪ કેસ કરી, ૧૪ વ્યક્તિઓને ઝડપી ૨૪ લીટર દેશી દારૂ અને ૧૨૦૦ લીટર વૉશ કબજે કર્યો હતો.

### તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૦૨/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૯ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### ચોરીની ફરીયાદ :- સમાચાર યાદી નં.૨૦૦૩/૧૬

**વસ્ત્રાપુર** : નંદનસિંહ દિવાનસિંહ માહોડી (ઉ.વ.૪૭)(રહે.સંધમિત્રા ફ્લેટ પુજા પાર્ટી પ્લોટ સામે, ૧૩૨ ફુટ રિંગ રોડ હિમ્મતલાલ પાર્ક સેટેલાઈટ) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૧૦/૧૬ ના કલાક ૯/૦૦ થી ૯/૨૫ સુધીનાં સમયગાળા દરમ્યાન પાયલફ્લેટની બાજુમાં ફ્લાવર વેડીંગ અષ્ટ કન્સ્પેટ નામની દુકાન આગળ અજાણ્યા રિક્ષાના ચાલકે તથા રિક્ષામાં પાછળ બેઠેલ ત્રણ અજાણ્યા ઈસમોએ ભેગામળી નંદનસિંહની નજર ચુકવી બેગમાંથી રોકડ રૂપીયા ૧,૧૫,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એસ.બોદર ચલાવે છે.

### સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયા :- સમાચાર યાદી નં.૨૦૦૪/૧૬

**સરખેજ** : ગોવર્ધનભાઈ હરીહરભાઈ પાત્ર (ઉ.વ.૪૦)(રહે,પાર્વતીકુંજ એપાર્ટ્મેન્ટ ઉજાલા હોટલની પાછળ સરખેજ) તા.૩૦/૧૦/૧૬ સાંજનાં ૭/૪૦ વાગ્યાના સુમારે ઇસ્કોન થી સાણંદ સર્કલ તરફ જતા રોડ ઉપર આવેલ એસ.એસ.વન મોટર્સ સામેથી પોતાની પત્ની સાથે પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૦ થી ૨૨ વર્ષના આશરાના) ગોવર્ધનભાઇની પત્નીનાં ગળામાંથી સોનાનો દોરો કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ગોવર્ધનભાઇ પાત્ર એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એમ.પઠાણ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**સેટેલાઇટ** : હીમાબેન રાજેનભાઇ ટંકશાળી (ઉ.વ.૫૬)(રહે.ગોયલ પાર્ક રો હાઉસ, પ્રેમચંદનગર રોડ, વસ્ત્રાપુર) તા.૩૦/૧૦/૧૬ રાતનાં ૧૧/૩૦ વાગ્યાના સુમારે સેટેલાઇટ નેહરુનગર સર્કલ પાસે આવેલ ટાગોર પાર્ક સોસાયટી પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ હીમાબેનનાં ગળામાંથી સોનાનો દોરો કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ હીમાબેન ટંકશાળીએ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.યુ.મશી ચલાવે છે.

આત્મહત્યા : સમાચાર યાદી નં.૨૦૦૫/૧૬

**રીવરફ્રન્ટ ઇસ્ટ** : કૈલાશભાઇ હનુમતભાઇ શાલુકે (ઉ.વ.૩૨)(રહે,ગોકુલધામ સોસાયટી, વેજલપુર) કોઇ અગમ્ય કારણસર તા ૩૦/૧૦/૧૬ સાંજનાં ૫/૪૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે સાબરમતી રીવરફ્રન્ટ માસ્તર કોલોની પાસે નદીમાં પડી આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રંટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રવિણભાઇ અળખાભાઇ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)